**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૩૪.૪ ડીગ્રી
લઘુતમ : ૨૩.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૬ ટકા ● સાંજે ૭૨ ટકા

## આજે ગાંધીનગરમાં

● ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા નવરાત્રી મહોત્સવમાં અમિત ઠક્કર અને દિપ્તી દેસાઈ મેગા ફાઈનલમાં સે-૧૧ સ્થિત રામકથા મેદાનમાં ગરબાની રમઝટ જમાવશે.

● મા મેલડી આનંદ ગરબા મંડળ સે-૩-સીના મધુબેન કે. કડીકર દ્વારા દક્ષાબેન શાહના નિવાસસ્થાન સે-૮ પ્લોટ નં. ૩૭૯/બી/૨ ખાતે આનંદનો ગરબો યોજાશે.

● સંસ્કાર ગૃપ દ્વારા દશેરા નિમિત્તે સવારે ૯.૧૫ થી ૧૦ વાગ્યા સુધી ગાંધીનગર એસ.ટી.ડેપો સે-૧૧માં ગ્રામ્ય અને શહેરી બસના પૂજન સાથે ડ્રાઈવર અને કડંકટરને પુષ્પગુચ્છ અપાશે.

● રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ દ્વારા સાર્વજનિક વિજયાદશમીનું આયોજન સે-૨૩, શોપીંગ સેન્ટર, બગીચા સામેના મેદાન ખાતે કરાયું છે. જેમાં પથ સંચલન સાંજે ૪.૩૦ થી ૫.૩૦ સુધી જયારે સાંજે ૬ થી ૬.૩૦ કલાક સુધી શારીરિક પ્રાત્યેક્ષિક, શસ્ત્રપુજન, બોધ્વીક તેમજ પ્રાર્થના જેવા કાર્યક્રમ યોજાશે.

## ચિરવિદાય

● સ્વ. પ્રજાપતિ ચંચળબેન નટવરલાલ, ઉ.વ. ૮૦
● સ્વ. પંડયા વીણાબેન મહેન્દ્રપ્રસાદ, ઉ.વ. ૭૫
● સ્વ. મકવાણા કમળાબેન કલાબજી, ઉ.વ. ૬૮
● સ્વ. ઠાકોર બકાજી મહોતજી, ઉ.વ. ૪૪
● સ્વ. સુતરીયા નિર્મલાબેન દિનકરલાલ, ઉ.વ. ૭૦
● સ્વ. ચૌહાણ સવિતાબેન પ્રભાતજી, ઉ.વ. ૪૧
● સ્વ. યાદવ હનુમાનદત્ત રામખેર, ઉ.વ. ૪૯
● સ્વ. વાળંદ મનિષાબેન રવિકુમાર, ઉ.વ. ૩૨
● સ્વ. સોલંકી મણાજી અમળાજી, ઉ.વ. ૬૭

## કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજના શરદપૂનમે રાસ ગરબા યોજાશે

શ્રી કચ્છ કાઠિયાવાડ રાજપૂત સેવા સમાજ ગાંધીનગર દ્વારા તા. ૧૩મી ઓકટોબરના રોજ રાત્રે નવ કલાકે શરદપુનમ નિમિત્તે ફકત બહેનો માટે રાસ ગરબા યોજાશે. રાસ ગરબાનું સ્થળ લેકાવાડા એકેડેમી ખાતે યોજાનાર હતું તે સ્થળ બદલી સમાજની કચેરી બ્લોક નં. ૧૪૬/૪, ચ ટાઈપ સે-૧૭ ખાતે યોજાશે તેમ મંત્રી જસવંતસિંહ ગોહિલે જણાવ્યું છે.

# આજે દશેરા : શહેરીજનો ફાફડા-જલેબી આરોગશે

## ફાફડા ૩૬૦ થી ૪૦૦ રૂપિયે કિલો : જલેબી ૪૦૦ થી ૫૨૦ રૂપિયે કિલોએ વેચાઈ રહી છે

ગાંધીનગર, તા.૭

નવરાત્રીના દસમા દિવસે દશેરા નિમિત્તે શહેરમાં રાવણ દહન સાથે ડાયરાનું આયોજન કરીને ઉજવણી થઈ રહી છે. સાથે સાથે શહેરીજનો ફાફડા અને જલેબી ખાઈ દશેરાની ઉજવણી કરે છે. જેને અનુલક્ષીને શહેરના ફરસાણની દુકાનો તથા ફાફડાના સ્ટોલમાં ફાફડા જલેબી બની રહ્યા છે. નોમની રાતથી જ ફાફડા જલેબીનું વેચાણ શરૂ થઈ જતું હોય છે. આ વર્ષે ફાફડા ૩૬૦ થી ૪૦૦ રૂપિયે કિલો, શુદ્ધ ઘીની જલેબી ૪૦૦ થી ૫૨૦ રૂપિયે કિલો અને તેલની જલેબી ૨૪૦ રૂપિયે કિલો એમ વેચાણમાં છે. આ સાથે પનીર જલેબી, ઈમરતી તથા ચોળાફળી પણ દશેરા નિમિત્તે ડિમાન્ડમાં હોય છે.

નવરાત્રીમાં ગરબે ઘૂમી ખેલૈયાઓએ માતાજીની પૂજા અર્ચના કરી છે. દસમના દિવસે રામ ભગવાનનો રાવણ સાથેના





યુધ્ધમાં વિજય થવાથી રાવણ દહન દર વર્ષે શહેરમાં થાય છે તથા આ દિવસે શ્રી રામના વિજયની ઉજવણી જલેબી અને ફાફડા ખાઈને કરવામાં આવે છે તેમ માનવામાં આવે છે. આ દિવસે શહેરની સરકારી ઓફિસો, શાળા, કોલેજોમાં રજા હોવાથી દરેક સવારે ફાફડા જલેબી ખરીદવા માટે તત્પર રહેશે.

શહેરમાં ઘ-૨ કોર્નર, સે-૫, સે-૬, સે-૭ અને સે-૨૧, સે-૨૨ તથા સે-૨૪, સે-૨૮ અને સે-૨૯માં ફાફડા જલેબીના સ્ટોલ ઉભા કરવામાં આવ્યા છે તથા ફરસાણની દુકાનની બહાર પણ મંડપ બાંધીને વેચાણ કરવામાં આવી રહ્યું છે.

શહેરના ફાફડા જલેબી વેચાણ કેન્દ્રમાં ૩૬૦થી ૪૦૦ રૂપિયે કિલો ફાફડા સાથે શુધ્ધ ઘીની જલેબી ૪૦૦ થી ૫૨૦ રૂપિયે કિલો અને તેલની જલેબી ૨૪૦ રૂપિયે કિલો એમ વેચાણમાં છે. આ સાથે પનીર જલેબી ૫૨૦ રૂપિયે અને ઈમરતી ૫૦૦ રૂપિયે કિલો વેચાઈ રહી છે. ફાફડા જલેબી સાથે ચોળાફળી પણ શહેરીજનો આરોગે છે જે ૪૦૦ રૂપિયે કિલોએ વેચાણમાં છે.

દશેરામાં આરોગાતા ફાફડા જલેબી સાથે કાચા પપૈયાનો સંભાર, કઢી અને મરચાંની પણ ડિમાન્ડ રહે છે. જેમાં લગભગ ૫૦ કિલો ફાફડા સાથે ૫૦ કિલો કાચા પપૈયાનો સંભાર બને છે. શહેરના ફરસાણના ફાફડા વેચનાર વેપારીઓના કહ્યા મુજબ ગ્રાહક ફાફડા કરતા ડબલ તો સંભાર લઈ જવાનો આગ્રહ રાખતા હોય છે અને કઢી બનાવવાની તો ગણતરી જ થાય તેમ નથી જે જેટલી માંગે તેટલી કઢી અમે આપતા હોઈએ છીએ.

## મુવી હાઉસ

**પી.વી.આર, સિનેમેક્સ, સે-૧૧**

● **વોર**
૮.૦૦, ૯.૦૦, ૧૦.૦૦, ૧૧.૨૦, ૧૨.૨૦, ૧.૨૦, ૨.૪૦, ૩.૪૦, ૬.૦૦, ૭.૦૦, ૮.૦૦, ૯.૨૦, ૧૦.૨૦, ૧૧.૨૦

● **છીછોરે**
૪.૪૦

● **ડ્રીમગર્લ**
૪.૩૦

● **સાવેરા નરસીમ્મા રેડ્ડી**
૯.૩૦, ૧.૦૦, ૭.૨૦, ૧૦.૫૦

## ચક્ષુદાન મહાદાન

ગાંધીનગર નિવાસી સ્વ. ભુપેન્દ્રભાઈ મણીલાલ મોદી, ઉ.વ. ૭૯ પ્લોટ નં. ૫૧૧/૨ સે-૩-બીનું અવસાન થતાં તેઓના સ્વજનોની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે.

સદરકાર્યમાં ડૉ. વેલુ, ડૉ. પ્રિયંકા, કાર્યકર સંજયસિંહ વાઘેલાએ સેવાઓ આપી હતી. સંજયસિંહ વાઘેલાએ ચક્ષુઓને અમદવાદ ચક્ષુબેંકમાં પહોંચાડવાની સેવા આપી હતી.

# ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ખાતે રકતદાન શિબિર અને થેલેસિમિયા ચેકઅપ શિબિર યોજાઈ

ગાંધીનગર, તા.૭

ચિલ્ડ્રન્સ યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા આજરોજ રકતદાન અને થેલેસિમિયા ચકાસણી અને જાગૃતિ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિ.ના મા. કુલપતિ હર્ષદભાઈ શાહ, મા. કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિ, સિવિલ હોસ્પિલમાંથી ડૉ. મનોજભાઈ પટેલ, અતિથિવિશેષ સુકેતુભાઈ મહેતા, બેંક ઓફ ઈન્ડિયાના એ.જી.એમ. સંજયભાઈ બુરબુરે, બેંક ઓફ ઈન્ડિયાના સિની. મેનેજર જયભાઈ ગુપ્તા , યુનિવર્સિટી સ્ટાફ તથા વિવિધ વિદ્યાશાખાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

કાર્યક્રમની શરૂઆત દીપ પ્રાગટય તથા સમૂહ પ્રાર્થનાથી કરવામાં આવી હતી. કુલસચિવ ડૉ. અશોકભાઈ પ્રજાપતિએ






સૌને આવકાર્યા હતા.

કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાન ડૉ. મનોજભાઈ પટેલે વિદ્યાર્થીઓને રકતદાનનું મહત્વ સમજાવ્યું હતું આ ઉપરાંત તેમણે જણાવ્યું કે જે રકતદાન કરવામાં આવે છે તે રકત ગર્ભવતી માતાઓને પ્રસુતિ સમયે, અકસ્માતમાં ઈજા પામેલ વ્યકિતને, થેલેસિમિયા ગ્રસ્ત બાળકોને અને વિવિધ રોગગ્રસ્ત વ્યકિતઓ માટે જરૂરિયાત પ્રમાણે ઉપયોગમાં લેવાય છે.

૧૩૯ વખત રકતદાન કરનારા અને થેલેસિમિયા ગ્રસ્ત બાળકો માટે કાર્યરત સુકેતુભાઈ મહેતાએ થેલેસિમિયાની મહત્વપૂર્ણ જાણકારી આપી હતી અને સૌને રકતદાન કરવા અને થેલેસિમિયાનો ટેસ્ટ કરાવવા અનુરોધ કર્યો હતો. બેંક ઓફ ઈન્ડિયાના એ.જી.એમ. સંજયભાઈ બુરબુરેએ ચિલ્ડ્રન્સ યુનિ.માં થતાં વિવિધ કાર્યોને બિરદાવ્યા હતા.

રકતદાન શિબિરમાં ૩૬ વ્યકિતઓએ રકતદાન કર્યું અને ૧૨૦ જેટલી વ્યકિતઓના થેલેસિમિયાની ચકાસણી કરવામાં આવી હતી. શિબિરની શરૂઆત બેંક ઓફ ઈન્ડિયાના એ.જી.એમ. સંજયભાઈ બુરબુરે સાહેબે રકતદાન કરી કરી હતી.

કાર્યક્રમના સંયોજક સમાજકાર્ય વિભાગના અધ્યક્ષ ડૉ. નીલેશભાઈ પંડયા હતા અને કાર્યક્રમનું સંચાલન અધ્યાપક ડૉ. ક્રિસ્ટીના પરમારે કર્યું હતું.

## ગજ્જર સુથાર સમાજનો ૧૩મો સમુહલગ્નોત્સવ યોજવાનું આયોજન

ગાંધીનગર, તા.૭

ગજ્જર સુથાર સમાજ ગુજરાતના પ્રમુખ ઠાકોરભાઈ મિસ્ત્રીએ ૧૩મા સમુહ લગ્નોત્સવ યોજવા અંગે જણાવ્યું હતું કે સમુહલગ્નમાં જોડાવવા ઈચ્છતા મેવાડા, ગજ્જર, વૈશ્ય, પંચોળી, સુથાર યુવક યુવતીઓએ સાત ફેરા કુમકુમ પગલાં તથા કુંવરબાઈનું મામેરાના સરકારી સહાયના ચેક તેમજ સ્થળ પર જ લગ્ન નોંધણી પ્રમાણપત્ર એનાયત કરવાના હોવાથી કાર્યાલયનો સંપર્ક સાધી સાધનિક પુરાવાના કાગળો સહિત વેળાસર રજુ કરવા જણાવ્યું છે. જરૂરી માહિતી મેળવી ફોર્મ ૩૦-૧૧-૨૦૧૯ સુધીમાં ભરી દેવા જણાવાયું છે. સમાજના સભ્યના બાળકોની શૈક્ષણિક માર્કશીટની ઝેરોક્ષ સંપૂર્ણ સરનામા સાથે કાર્યાલય પર પહોંચતી કરવા કાન્તિભાઈ મિસ્ત્રીએ જણાવ્યું છે. વધુ માહિતી માટે ફોન નં. ૦૨૬૫-૨૪૧૬૧૬૧ પર સંપર્ક કરવા જણાવાયું છે.





નવરાત્રી પર્વ નિમિત્તે શહેરમાં ઠેર ઠેર ઉજવણી થાય છે ત્યારે સે-૩-બી ખાતે રહીશો ઉત્સાહપૂર્વક ગરબે ઘૂમતા જોવા મળે છે.





કડી સર્વ વિશ્વ વિદ્યાલય સંચાલિત કે.વી. ઈન્સ્ટીટયુટ ઓફ ફાર્મા સ્યુટિકલ એજયુકેશન એન્ડ રીસર્ચ દ્વારા ૨જી ઓકટોબરના રોજ નવરાત્રી નિમિત્તે ગરબા સ્પર્ધા યોજાઈ હતી. જેમાં મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. વિવિધ કેટેગરી મુજબ વિજેતા ખેલૈયાઓને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# કડી સર્વ વિશ્વવિદ્યાલય ખાતે ગરબાનો રંગારંગ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૭

કડી સર્વ વિશ્વવિદ્યાલય તેના વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસની સાથે સાથે ભારતની સંસ્કૃતિમાં વણાયેલ તહેવારોની ઉજવણી કરી વિદ્યાર્થીઓને અભ્યાસ માટે યોગ્ય વાતાવરણ પૂરું પાડે છે. કડી યુનિવર્સીટીની એસ.કે. પટેલ કેમ્પસની કોલેજોના સંયુકત ઉપક્રમે ગાંધીનગર સેકટર-૨૩ ખાતે આસો સુદ સાતમ નિમિત્તે આદ્યશક્તિની ઉપાસના સમા નવરાત્રી પર્વની ઉજવણી હેતુ ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. દર વર્ષની જેમ આ વર્ષે પણ ખુબ શ્રદ્ધા પૂર્વક અધ્યાપક ગણ તેમજ વિદ્યાર્થીઓ દ્વારા માં આદ્યશક્તિની આરતીથી શરૂઆત કરવામાં આવી હતી.

આરતી બાદ તુરંત ઉપરોક્ત કોલેજોના તમામ વિદ્યાર્થીઓ ઉત્સાહ પૂર્વક ગરબા રમવા જોડાઈ ગયા હતા. આ યુનિવર્સીટીની કોલેજોમાં



અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ખુબ મોટી સંખ્યામાં છાત્રાલયમાં રહે છે ત્યારે આવા વિદ્યાર્થીઓ માટે આ પ્રંસગ અનેરો પ્રસંગ સાબિત થઈ રહ્યો હતો. વિદ્યાર્થીઓની સાથે સાથે સંસ્થાનાં શૈક્ષણિક તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ દ્વારા ગરબામાં ઉત્સાહપૂર્વક જોડાઈ ખુબ સુંદર પ્રતિસાદ આપ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે આપણા રાષ્ટ્રીય તહેવારો તેમજ નવરાત્રી, ગણેશ ચતુર્થી જેવા તહેવારોની સંસ્થા ખાતે ઉજવણી કરી સંસ્થાનાં વિદ્યાર્થીઓ તેમજ કર્મચારીઓમાં પરિવારની ભાવના ઉજાગર થાય તેવા પ્રયત્નો કરવામાં આવે છે. સંસ્થાના આ અભિગમનો વાલીગણ દ્વારા પણ સુંદર પ્રતિસાદ આપવામાં આવે છે.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન બીબીએ કોલેજનાં આચાર્ય ડો.રમાકાંત પૃષ્ટિ, કમ્પ્યુટર વિભાગ તરફ થી પ્રો.રૂપેશ સહીત તમામ કોલેજના અધ્યાપકગણ તેમજ બિનશૈક્ષણિક કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# આઈફોનની લાલચ આપી મહિલાના બેંક એકાઉન્ટમાંથી રૂ. ૭૭ હજારની ઉચાપત...!!

ગાંધીનગર, તા.૭

શહેરમાં દિન પ્રતિદિન વિવિધ પ્રકારની ગુનાખોરીનું પ્રમાણ વધતું જઈ રહ્યું છે. ડીજીટલ ઈન્ડિયાના અભિયાનની સાથે સાથે સાયબર ક્રાઈમમાં પણ વધારો થવા પામ્યો છે. શહેરની એક મહિલા સાથે એમેઝોનના નામે ખોટા ફોન કરી લે ભાગુઓ દ્વારા રૂ. ૭૭ હજારથી વધુની રકમની તેના બેંક ખાતામાંથી ઉચાપત કરી હોવાનું જાણવા મળ્યું છે.

અમદાવાદના યામિની ભાવસાર નામની મહિલા પર એક અદીતી શર્મા નામની મહિલાનો તાજેતરમાં કોલ આવેલો જેણે એમેઝોન કંપનીમાંથી બોલું છું અને તમને ઈનામ લાગ્યું છે કહી પાંચ વસ્તુઓમાંથી એક વસ્તુ પસંદ કરવા જણાવ્યું હતું. આથી મહિલાએ આઈફોન એકસઆરની પસંદગી કરી હતી અને આ મેળવા રૂ. પાંચ હજારની એમેઝોન પરથી ખરીદી અથવા તેમના એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનો વિકલ્પ આપી ફોનની ડિલીવરી સમયે રૂ. ૩,૦૦૦ કેશબેકની પણ લાલચ આપી હતી ત્યારબાદ તેણીએ સિનિયર કર્મચારી આદિત્યસીંગ સાથે વાત કરાવી હતી જેમણે મહિલાને ભોળવીને જીએસટી વગેરે બહાના હેઠળ રૂ. ૧૧,૯૯૯ પછી રૂ. ૧૨,૯૦૯ ટ્રાન્સફર કરાવ્યા હતા. આ પછી યામિની ભાવસારે ફોન નથી લેવો તેવું જણાવી નાણાં પરત માંગ્યા ત્યારે તેમણે તે પરત લેવા વધુ રૂ. ૨૩,૯૯૮ ટ્રાન્સફર કરવા જણાવ્યું હતું જેથી તેઓ કુલ રમત પરત કરી શકે. આ બાદ તે રકમનું ટ્રાન્ઝેકશન દેખાતું નથી કહી મહિલા પાસેથી બેંકનો પીન નંબર વગેરે વિગત મેળવી ફરીવાર રૂ. ૨૩,૯૯૮ જાતે ટ્રાન્સફર કરી લીધા હતા આમ કુલ રૂ. ૭૭,૦૦૪ની રકમની ઉચાપત કરી મહિલા સાથે છેતરપિંડી આચરી હતી અંતે મહિલાને પોતે છેતરાયાની જાણ થતાં તેમણે બેંક ખાતું બંધ કરાવી દીધું હતું અને સાયબર ક્રાઈમ પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

આ કિસ્સા પરથી શહેરની મહિલાઓ સહિત દરેક બેંક ખાતા ધારકે ચેતવાની જરૂર છે કે કોઈ લોભ લાલચમાં આવી કોઈની સાથે પણ બેંકના પીન નંબર સહિતની કોઈ ખાનગી વિગતો આપવી જોઈએ નહી જેથી આ પ્રકારના ઉચાપતખોરો તેમનો ફાયદો ઉઠાવી ના શકે. આ સાથે સાયબર ક્રાઈમ પોલીસે પણ આ પ્રકારના ઉચાપત ખોરોને ઝબ્બે કરવાની અને આવી ગુનાખોરી અટકે તે માટે કડક પગલાં ભરવાની તાતી જરૂર જણાય છે.

## દશેરા નિમિત્તે સે-૭-બી ખાતે ડાયરો યોજાશે

ગાંધીનગર, તા.૭

આજે દશેરા નિમિત્તો નવરાત્રી મહોત્સવ વ્યવસ્થાપક સમિતિ સે-૭-બી તેમજ સ્ટજે ફિલ્મ કલાકાર હિમાંશુ ભચેચ દ્વારા ભાતીગળ રંગકસુંબલ ડાયરો યોજાશે. જેમાં પ્રસિધ્ધ કલાકારો સુલોચનાબેન વ્યાસ, નાગરભાઈ પ્રજાપતિ, રાજુભાઈ શ્રીમાળી તથા વ્હાલાભાઈ ગજ્જર દ્વારા ડાયરાની રંગત જમાવાશે. આ પ્રસંગે શહેરના ડેપ્યુટી મેયર નાઝાભાઈ ઘાંઘર, વોર્ડ પ્રમુખ અરવિંદભાઈ ઠાકોર સાથે અગ્રણીઓ ઉપસ્થિત રહેશે તથા ડેપ્યુટી મેયરનો વૃક્ષ મિત્રનો એવોર્ડ આપવામાં આવશે. નવરાત્રી મહોત્સવ વ્યવસ્થાપક સમિતના પ્રમુખ જયમીનભાઈ વૈદ્ય દ્વારા શહેરીજનોને ઉપસ્થિત રહેવા જણાવાયું છે.

# સિનિયર સિટીઝન કાઉન્સિલ મહિલા પાંખની બહેનો દ્વારા ગરબા યોજાયા



ગાંધીનગર, તા.૭

સિનિયર સિટીઝન કાઉન્સિલ ગાંધીનગરની મહિલા પાંખની બહેનો દ્વારા ફરતા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં બહેનોએ ગરબામાં ભાગ લીધો હતો.

આ કાર્યક્રમમાં હર્ષાબા ધાંધલ, હીરલબેન જોષી, પ્રવિણાબેન વોરા, નીલાબેન શુકલ સાથે અગ્રણી સંસ્થાઓના ચંદ્રીકાબેન રાવલ, નીતાબેન ધોકાઈ, મીનળબેન ઓઝા, અમિતાબેન મહેતા, શર્મિષ્ઠાબેન દવે, જશુબેન ઠકકરે ખાસ હાજરી આપી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન દામિનીબેન લાખીઆ દ્વારા કરવામાં આવ્યું હતું.